# તાતા પરિવાર (Tata Family)

વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રસ્તાવના**

તાતા સ્પોન્જ આયર્નના (Tata Sponge Iron) પ્રમુખ અબનિન્દ્ર મિશ્રાએ (Abanindra Misra) વર્ષો પહેલા બનેલો પ્રસંગ વર્ણવેલો :

ધાતુઓ ભરેલા વાહનને (Metal Towing Dumper) અકસ્માત થયેલો. આથી આ વાહનને પોલીસોએ જપ્ત કરેલું. તાતાના બીજા અધિકારી અને હું તે વાહનને છોડાવીને પાછું લેવા ગયેલા. અમોએ પોલીસ ઇન્સ્પેક્ટરને વાહન પાછું આપવા વિનંતી કરી અને રાહ જોઈને ઊભા હતા. તેવામાં ઉચ્ચ અધિકારી આવ્યા. તેમણે અમારી દલીલો સાંભળી અને પૂછ્યું કે, ''તમે ક્યાંથી આવો છો ?'' અમોએ જણાવ્યું કે, ''અમે તાતા કોલિરિસથી (Collieries કોલસાની ખાણ) આવ્યા છીએ.'' આ સાંભળીને તે ઉચ્ચ અધિકારીએ ઇન્સ્પેક્ટરને જણાવ્યું કે, ''તું આમની જોડે દલીલ કેમ કરે છે ? આ બધા આ કામ માટે મુખ્ય પ્રધાન પાસે જશે અને કોઈનેય એક પણ પાઈ આપશે નહિ. તમે આમની પાસેથી કંઈક લેવા માટે તમારો સમય બગાડી રહ્યા છો.'' અને તેમણે ઉગ્રતાથી અમારું વાહન લઈને જવા જણાવ્યું. આ તાતાની નૈતિકતા અને સામાજિક ચેતના (Social Conciousness) દર્શાવે છે. આ કઈ રીતે આવી ?

**તાતા સ્ટીલનો સીમાસ્તંભ**

જુલાઈ, ૧૯૯૨માં રતન તાતાએ તાતા સ્ટીલના ખાસ સંચાલકોને તાજમહાલ હોટલમાં જમવા માટે આમંત્રેલા. ભારતમાં લોખંડ આયાત કરવાની છૂટ આપવામાં આવેલી. આના કારણે જિન્ડાલો, રૂયુઆએ અને મિટ્ટલ્સે કર્ણાટક, ગુજરાત અને મહારાષ્ટ્રમાં અદ્યતનમાં અદ્યતન લોખંડનાં કારખાનાંઓ નાખવાની જાહેરાત કરેલી. અરે સાઉથ કોરિયાની પોસ્કો (Posco) કંપનીએ પણ ઓરિસ્સામાં લોખંડનું મોટું કારખાનું નાખવાની જાહેરાત કરેલી. રતન તાતા સમયસર આવી ગયા અને બધાને મળીને તાતા સ્ટીલના ભવ્ય ઇતિહાસનું વર્ણન કર્યું અને જણાવ્યું કે કફોડામાં કફોડા સંજોગોમાં પણ તાતા સ્ટીલે નફો કર્યો છે, પણ આ વર્ષની પહેલી ચતુર્થાંશમાં તાતા સ્ટીલે જરાયે નફો કર્યો નથી. તાતા સ્ટીલના જનરલ મેનેજર મુખરજીને 'જરાયે નફો કર્યો નથી'નો અર્થ સમજતાં વાર લાગી. એંસી વર્ષની કારકિર્દીમાં પહેલી જ વખત તાતા સ્ટીલ રૂા. ૧૮૦ કરોડની ખાદ કરશે. રતન તાતા વિચારી રહ્યા હતા કે તાતા સ્ટીલની ટીમ આ બનવા દેશે.

તાજ મુંબઈમાં જે બધા ટેબલની આસપાસ બેઠા હતા તેમની પાસે એક જ જવાબ હતો. – તાતા સ્ટીલ ફરીથી નફો કરશે જ. મુખરજી બધુ કરતા હોઈને રતન તાતાએ સ્ટીલના ઉત્પાદનની કિંમતમાં દર ટને રૂ. ૫૦૦નો ઘટાડો કરવા સૂચવ્યું જે લગભગ ૭.૫ ટકા થાય છે જે લગભગ નવ મહિનાથી ઓછા સમયમાં મેળવવું પડે. આ બધુ જ્યારે લોખંડ બનાવવાના પાયામાં વપરાતા દ્રવ્યની કિંમતમાં વધારો થયો હોય તેમજ તેમને લઈ જવા કે લાવવા વપરાતી રેલવે લાઇનના ભાડા પણ ખરેખરા વધ્યા હોય. આ બધું બનવું ખૂબ જ અઘરું છે. કોઈ કુદરતી ચમત્કાર થાય તો જ આ શક્ય બને.

મુખરજીએ તેમની સાથે જમશેદપુરમાં કામ કરનાર સર્વેને જણાવ્યું કે ચૅરમૅને જે કહ્યું તે ટીમના વતી કરી બતાવવાનું સ્વીકાર્યું છે. મુખરજી બીજા દિવસે સવારના નવ વાગે તાતા સ્ટીલના ગેસ્ટહાઉસે ઍરપોર્ટથી સીધા પહોંચ્યા. બધી જ વાતચીત થઈ. ટૂંક સમયમાં એટલે કે નવ મહિનામાં ઉત્પાદનની કિંમતમાં દર ટને રૂ. ૫૦૦નો ઘટાડો કરવાનો છે. આ જરાયે સહેલું કામ નથી, પણ બધાયે જલદીમાં જલદી કરવાનું છે.

રતન તાતા ઑક્ટોબરમાં જમશેદપુર આવ્યા. પૂરેપૂરા ભરેલા રૂમમાં મુખરજીએ શું કરવાના છે તે જણાવ્યું. ઘણી વસ્તુઓ ખૂટતી હતી, પણ ટીમ જરૂરી હોઈ તે કરવા તૈયાર હતી. રતન તાતાએ તેમને તે રસ્તે આગળ વધવા જણાવ્યું. જાન્યુઆરી, ૧૯૯૩માં રતન તાતા આવ્યા અને ઉત્પાદનની કિંમતની જ મિટિંગ રાખી જે સવારના બે

વાગ્યા સુધી ચાલી. મુખરજીને ઘણા વર્ષોમાં પહેલી વખત ઉત્પાદનની કિંમત ઘટતી દેખાઈ અને તે ટને રૂ. ૩૫૦ ઓછા, પણ તે રૂ. ૫૦૦ જે જરૂરી હતા તેનાથી ઓછા. રતન તાતાએ જણાવ્યું, ''આ માટે તમારી પ્રતિષ્ઠા અને તમારી આબરૂ જોખમમાં છે. તમે મને રૂ. ૫૦૦ ઓછા કરવાનું વચન આપેલું છે તે ઊભું છે.'' આખરે ટીમે માર્ચ ૧૯૯૩થી ટને રૂ. ૫૦૦ બચાવ્યા. નવી રીતે કામ કરવાનું તે મંત્ર બન્યો. માણસોમાં સારું રહેલું છે તે બહાર લાવવા માટે નેતાઓએ ટાર્ગેટ નક્કી કરવું જરૂરી છે અને ટીમમાં લાગણી ઊભી કરવી જરૂરી બને છે. ૧૮૦ કરોડની ખાધ થવાના બદલે તે વર્ષે પણ ઘણો મોટો નફો થયો.

**જમશેદજી**

નૌસરવાનજીના (Nausherwanji) એકના એક પુત્ર જમશેદજીનો જન્મ નવસારીમાં માર્ચ ૩, ૧૮૩૯માં થયો હતો. વર્ષો પહેલાં પારસીઓ ઈરાનમાં રહેતા હતા તેવું માનવામાં આવે છે. ધંધા-રોજગાર માટે પારસીઓ દુનિયાભરમાં જુદા-જુદા દેશોમાં જઈને વસ્યા. આમાંથી ઘણા બધા પારસીઓ ભારતમાં પણ આવ્યા. પારસીઓ ઘણા બધા ક્ષેત્રોમાં આગળ પડતા છે, પણ ઔદ્યોગિક ક્ષેત્રમાં સાચા નેતા છે. પારસીઓ ગુજરાતમાં અને તેમાંયે નવસારીમાં વર્ષોથી વસેલા છે. આ ભાગ પારસીઓની અસર નીચે હતો. મુસલમાનોએ આ ભાગ ઉપર ચડાઈ કરી અને આ ભાગ જીત્યો. આથી આ ભાગ મુસલમાનોની અસર નીચે પણ આવેલો છે. ૧૯૪૭માં જ્યારે આપણને સ્વતંત્રતા મળી ત્યારે આ ભાગ વડોદરાના ગાયકવાડના તાબામાં હતો. નવસારીમાં મોટા ભાગના પારસીઓ રહેતા હતા. નૌસરવાનજી જેમણે તાતા ગ્રૂપની શરૂઆત કરી તે અને તેમના પૂર્વજો નવસારીમાં પંડિતાઈ કરતા હતા. નૌસરવાનજીને તેમના જૂના પંડિતાઈના ધંધામાં રહેવું ન હતું. પંડિતાઈને બદલે નવું કંઈક કરવું હતું. નવસારી જૂનું અને પછાત ગામ હોઈને નૌસરવાનજી નવસારી છોડીને મુંબઈ ગયા. તેમને મુંબઈ યોગ્ય લાગ્યું. કોઈ હિન્દુ બેન્કરના ત્યાં તાલીમ લીધી અને પોતાનો ધંધો શરૂ કરવા જેટલા પૈસા બચાવ્યા. તેમણે ધંધાની શરૂઆત કરી. આ બધું નવું જ હતું અને ધીરેધીરે નવી જગ્યાથી ટેવાતા ગયા. જેમ-જેમ અનુભવો થતા ગયા તેમ-તેમ વિચારોને નવી દિશા મળતી રહી. જમશેદજી તેમનું બાળપણ નવસારીમાં વિતાવતા હતા. નૌસરવાનજીએ તેમનાં સ્વપ્નાં ફળીભૂત કરવા માટે જમશેદજીને નવસારીથી મુંબઈ બોલાવી લીધા જેથી મુંબઈમાં ધંધા-રોજગારના વાતાવરણમાં જમશેદજીને ઉછેરી શકાય. જમશેદજી ૧૩ વર્ષના હતા ત્યારે તેમના પિતાએ નિકાસ કરવાનો ધંધો શરૂ કર્યો. તે સમયના પારસીઓના રીતરિવાજ પ્રમાણે જ્યારે જમશેદજી સોળ વર્ષના હતા ત્યારે તેમનાં લગ્ન હીરાબાઈ જે તે સમયે દસ વર્ષનાં હતાં તેમની જોડે થયાં. નૌસરવાનજીને તેમના પુત્રને સરસ ભણાવવાનો ખ્યાલ હોઈને જમશેદજી સત્તર વર્ષના હતા ત્યારે તેમને એલફિસ્ટન (Elphistone) કૉલેજમાં દાખલ કરાવ્યા અને થોડાક વર્ષોમાં તેમણે અભ્યાસ પણ પૂરો કર્યો. જમશેદજીનો પુસ્તકો અને સાહિત્યનો પ્રેમ આખી જિંદગી ચાલુ રહ્યો. તેમનો અભ્યાસ પૂરો થતાં, તેમના પિતાની સાથે ધંધામાં જોડાયા. ૧૮૫૯માં તેમને ધંધાર્થે હૉંગકૉંગ મોકલ્યા જ્યાં તેમણે કુટુંબના ધંધાની શાખા ખોલી. રૂ અને અફીણ ચીનમાં નિકાસ કરતા અને ચીનથી રેશમ, ચા, તજ, તાંબુ, રૂપુ અને ચાઇનીઝ સોનુ આયાત કરતા. તેમની પિતાની પેઢીના ત્રણ ભાગીદારો નૌસરવાનજી, કાલિઅનદાસ અને પ્રેમચંદ રૉયચંદ હતા. આ પેઢીની શાખાઓ હોંગકોંગ અને શાંઘાઈમાં સ્થાપી.

અમેરિકામાં આંતરવિગ્રહ ચાલતો હોઈને બ્રિટનમાં અમેરિકાનું રૂ આવતું ન હતું. આથી બ્રિટનના મિલમાલિકોએ બમણી કિંમત આપીને ભારતનું રૂ ખરીદવા માંડ્યું. આથી નૌસરવાનજીની પેઢીએ અઢળક નફો કર્યો. આથી બધાએ ભેગા થઈને ડિસેમ્બર, ૧૮૬૪માં જમશેદજીને કૉટન એજન્સી સ્થાપવા ઇંગ્લૅન્ડ મોકલ્યા. લંડનના બંદરમાં તેમનું જહાજ પહોંચે તે પહેલાં અમેરિકાનો આંતરવિગ્રહ બંધ થયો અને આના કારણે બ્રિટનની મિલો અમેરિકન રૂ ખરીદવા માંડી અને ભારતનું રૂ ન વેચાતાં ભારતના રૂના ભાવ ખૂબ જ ગગડી ગયા. જમશેદજી તેમની સાથે જે સાધન-સામગ્રી લઈ ગયેલાં તેની કિંમત ખૂબ ઘટી જતા લંડનમાં લગભગ પૈસા વગરના થઈ ગયા.

નૌસરવાનજીને તેમનું સાત માળનું મકાન વેચવું પડ્યું અને તેમણે દરેક જણને પાઈએ પાઈ ભરપાઈ કરી દીધી. જમશેદજીએ બૅંક ઑફ ઇંગ્લૅન્ડ અને રૉયલ એક્સચેઇન્જ જોડે જે રીતે કામ કર્યું તે જોઈને આ બૅંકોએ તેમને દર મહિને વીસ પાઉન્ડ આપીને રાખી લીધા. જમશેદજી ચાર વર્ષ લંડનમાં રહ્યા અને દાદાભાઈ નવરોજજી અને ફિરોઝશાહ મહેતાએ તેમને ખૂબ જ મદદ

કરેલી. આ બંને જણની રાષ્ટ્રભાવના જમશેદજીને ખૂબ જ અસર કરી ગઈ.

જમશેદજીને તેમના પિતા સાથે કામ કરવાનો નવ વર્ષનો અનુભવ હતો. આથી ૧૮૬૮માં જમશેદજીએ વેપાર કરવા માટે મિત્રો સાથે નવી પેઢી રૂ. ૨૧,૦૦૦થી શરૂ કરી. આ પેઢીને પરદેશમાં લશ્કરોને શસ્ત્રો વેચવાનો કોન્ટ્રાક્ટ મળેલો. આમાં સારો નફો મળતાં તેમણે કાપડની મિલની દિશામાં કામ કરવાની પ્રેરણા મળી. તાતાકુટુંબ પંડિતોનું કુટુંબ છે. જમશેદજીએ પણ તેમના પિતાની જેમ ઝોરોસ્ટ્રિઅન (Zoroastrian) પંડિત માટેની દીક્ષા લીધેલી હોઈને ધંધામાં પણ આ ધર્મનાં મૂલ્યો લાવ્યા. જેમ આપણી કડી સર્વ વિશ્વ વિદ્યાલયનો મુદ્રા લેખ, ''કર ભલા, હોગા ભલા'' તેમ પારસી ધર્મનો, ''Humata (સારા વિચારો), Hukhta (સારા શબ્દો) અને Hbarshta (સારાં કર્મો)'' મુદ્રા લેખ તાતા ગ્રૂપનો મુદ્રા લેખ છે. ૧૮૬૯માં જમશેદજીએ પરિત્યક્ત (Derelict) અને દેવાળુ કાઢેલી ચીન્સપોક્લિ ઑઇલ મિલ મિત્રોની ભાગીદારીમાં ખરીદી. આ ઑઈલ મિલ મુંબઈના ઔદ્યોગિક કેન્દ્રમાં આવેલી હતી. આ ઑઈલ મિલને કાપડની મિલમાં ફેરવી અને તેનું નામ એલેકન્ઝાન્ડ્રા રાખ્યું. બે વર્ષમાં મોટો નફો કરતી બનાવી દીધી અને સારા નફાથી રૂના વેપારી કેસોજી નાયકને (Kesawji Naik) વેચી પણ દીધી. હવે જમશેદજીને રૂ ઉદ્યોગમાં રસ પડ્યો આથી બ્રિટનના લેન્કશાયર (Lancashire) શહેરમાં ઊંડાણથી અભ્યાસ કરવા ગયા. સપ્ટેમ્બર, ૧૮૭૪માં પાછા આવીને Central India Spinning, Weaving and Manufacture Company શરૂઆતના પંદર લાખ રૂપિયાથી રજિસ્ટર્ડ કરાવી. એ સમયે મુંબઈમાં બારેક કાપડની મિલો હતી અને કાપડની મિલો માટે મુંબઈ, ''Cottonpolis of India'' ગણાતું  આથી કાપડની મિલ માટે મુંબઈ યોગ્ય જગ્યા ગણાય. જમશેદજીએ જુદું વિચારીને મધ્ય ભારતમાં તેમની મિલ માટે નાગપુર પસંદ કર્યું. એ જ સમયે નાગપુર અને તેની આસપાસના વિસ્તારમાં રેલવેની શરૂઆત થયેલી. આથી આ લાભ તેમને મળ્યો. આ મિલ જમશેદજી માટે પ્રયોગશાળા પણ હતી. જમશેદજી દરેકે દરેક બાબતનું ધ્યાન રાખતા અને અભ્યાસ પણ કરતા. તેમની સફળતાના કારણે બંધ પડેલી અને વગોવાયેલી 'સ્વદેશી કાપડ મિલ' ખરીદી. બે વર્ષ સુધી શૅરદીઠ વ્યાજ આપી ન શક્યા. શૅરોની કિંમત ઘટવા માંડી અને 'તાતાનું' નામ વગોવાય તેવા સંજોગો ઊભા થયા. બૅંકોએ તેમને લોન આપવાની પણ ના પાડી. આથી જૂની મિલોના શૅરો વેચીને જે પૈસા આવ્યા તે સ્વદેશી મિલમાં રોક્યા. આની ધારી અસર થઈ. અને આ સ્વદેશી મિલના શૅરોની કિંમત વધવા માંડી. થોડાક વર્ષોમાં આ મિલ ખૂબ જ સરસ કાપડની મિલ બની અને આ મિલમાં જે કંઈ બનતું તે ચીન, કોરિયા, જાપાન અને આરબના દેશોમાં નિકાસ થતું.

૧૯૦૩માં જમશેદજીએ છેલ્લી કાપડ મિલ એડવાન્સ્ડ મિલ્સ (Advanced Mills) અમદાવાદમાં ખરીદી અને આ મિલ્સમાં નવામાં નવી અને સારામાં સારી મશીનરીથી જૂની મશીનરી બદલી.

મુંબઈથી ચીન દરિયાઈ માર્ગે માલ મોકલવાનું ખૂબ જ મોંઘુ હતું, કારણ કે ત્રણ કંપનીઓ ભેગી થઈ હતી. આથી જમશેદજીએ જાપાનની કંપની 'નિપ્મા યુસેન કઈશ (Nippm Yusen Kaish)' ને સસ્તા ભાવે દરિયાઈ માર્ગે મોકલવા જણાવ્યું. ત્રણે કંપનીઓએ વિરોધ કર્યો, પણ આખરે તેમને ભાવ ઘટાડવા પડ્યા.

**તાતા સ્ટીલ** (Tata Steel)

જમશેદજી જ્યારે ઇંગ્લૅન્ડમાં રહેતા હતા ત્યારે તેમને ભારતમાં આયર્ન અને સ્ટીલનું (Iron and Steel) ઉત્પાદન કરવાનું વિચારેલું. બ્રિટિશ સરકારને મોટા ધંધાઓ વિકસાવવામાં જરાયે રસ ન હતો; એટલું જ નહિ મોટા ધંધાઓ ન વિકસે તેમાં જ રસ હોઈને આડકતરી રીતે આવું ન બને તેનું બરાબર ધ્યાન રાખતા. સાથે-સાથે જમશેદજીને રોકવાનું કામ પણ જરાયે સહેલું ન હતું. ૨૬ ઑગસ્ટ ૧૯૦૭ના રોજ તાતાએ ૨.૩૨ કરોડ રૂપિયા માટેના શૅરો ભરણા માટે મૂક્યા. વીસ દિવસોમાં ૮૦૦૦ ભારતીયોએ ભરણાના પૈસા આપ્યા. તાતા આયર્ન ઍન્ડ સ્ટીલ કંપનીનો જન્મ થયો. ૧૯૧૨માં પહેલી લોખંડની પાટ બહાર પડી. અહીંયાં સુધી પહોંચવા માટે પડેલી તકલીફો બીજા ઘણા પુસ્તકોમાંથી મળી રહેશે. બે વર્ષ પછી વિશ્વયુદ્ધ-I શરૂ થયું. સાક્ચિ (Sakchi)નો પ્લાન્ટ રાત અને દિવસ ચાલતો હતો. ૧૯૧૪થી ૧૯૧૮ સુધીમાં તાતાએ ૨૪૦૦ કિમીની રેલવે અને ૩૦૦૦૦૦ ટન સ્ટીલ લશ્કરને આપ્યું. ૨ જાન્યુઆરી, ૧૯૧૯ વાઇસરૉય લૉર્ડ ચેમ્સફૉર્ડ સાક્ચિ આવ્યા અને તાતાનો લડાઈમાં મદદ કરવા માટે આભાર માન્યો.

જમશેદજી તાતાનો આભાર દર્શાવવા વાઇસરૉયે સાક્ચિનું નામ જમશેદપુર અને કાલિમતિ રેલવે સ્ટેશનનું નામ તાતાનગર બદલ્યું. ભારત સ્વાતંત્ર થયું તે દિવસે તાતા સ્ટીલ પોતાની મેળે સ્ટીલ બનાવતું હતું. તે દિવસે તાતા સ્ટીલના ડિરેક્ટર સર આર્દેશિર (Ardeshir) દલાલ, ICS અને તાતા સ્કૉલર હતા.

### તાજમહાલ હૉટલ

જેમ મુંબઈ સમૃદ્ધ થયું, તાતાઓ પણ સમૃદ્ધ થયા. જમશેદજી એવું માનતા કે યુરોપના જેવી ભવ્ય હૉટલ મુંબઈમાં પણ હોવી જોઈએ. નવેમ્બર ૧, ૧૮૮૯માં મુંબઈના બંદરના નજીક ૨.૫ એકર જમીન લીધી. જમશેદજી દુનિયાભરમાં બે વર્ષ તેમની ઇચ્છા પ્રમાણેની હૉટલ માટેની વસ્તુ માટે ફર્યા. ડુસ્સેલડૉર્ફ (Dussaldorf)માંથી ઇલેક્ટ્રિક મશીનરી, બર્લિનમાંથી દીવા માટે ઝુમ્મરો, અમેરિકામાંથી પંખાઓ (Fans) અને પૅરિસમાંથી સ્ટીલના થાંભલાઓ ખરીદીને ૧૯૦૦માં બાંધકામ શરૂ કર્યું. ૧૬ ડિસેમ્બર, ૧૯૦૩માં માંદા હોવા છતાંયે ઉદ્‌ઘાટન કર્યું. એક પાંખ બે માળ સાથે તૈયાર થઈ હતી. ઉદ્‌ઘાટનના દિવસે સત્તર મહેમાનો હતા અને તેમની પ્રતીક્ષા કરનારા બારથી વધારે હતા. સ્નાનગૃહ તુર્કીશ ટાઇલ્સથી શણગારેલાં હતાં. સોડા અને બરફની ફૅક્ટરીઓ પણ ખરી. બહારની બાજુ મૂરિશ (Moorish) ઘુમ્મટ અને પૌર્વાત્ય રાજપૂત પ્રથાથી શણગારેલું હતું. સૌથી અગત્યની વાત એ સમયે મુંબઈમાં એ પહેલું મકાન હતું કે જે ઇલેક્ટ્રિક દીવાઓથી દીપી ઊઠતું હતું. દુનિયાની સારામાં સારી હૉટલોમાં હોય તે બધી જ સુવિધાઓ તાજમાં પણ હતી. આ કારણે તાજ રાજા, મહારાજાઓ અને દેશના વડાઓ પસંદ કરે છે.

### તાતા સન્સ (Tata Sons)

૧૮૮૭માં જમશેદજીએ તેમના વેપાર-ધંધાને કંપનીમાં ફેરવ્યા. તેમણે તાતા સન્સની સ્થાપના કરી. આમાં તેમના પુત્ર દોરાબજિ (Dorabji) અને તેમના મામાના પુત્ર રતનજી દાદાભોય તાતા પણ ખરા. જમશેદજીના બીજા પુત્ર રતનજી તે સમયે ૧૬ વર્ષના હોઈને ઉંમરના કારણે બે વર્ષ પછી ઉમેર્યા. જમશેદજી તેના પ્રમુખ બન્યા. તાતા સન્સ તાતાની બધી મિલો, ધંધાઓ ચલાવતા. મહેનત પેટે નફાના ૫ ટકા કમિશન લેતા.

### જે. એન. તાતા ઇન્ડાઉમેન્ટ (J. N. tata Endowment)

૧૮૯૨માં જમશેદજીએ ભારતીય વિદ્યાર્થીઓ પરદેશ વધુ અભ્યાસ માટે જાય તે માટે કાયમી આવક આપતું ભંડોળ એકઠું કરેલું. ૧૯૨૪ સુધીમાં ICS થયેલા પાંચ ભારતીયોમાંથી બે જણ જે. એન. તાતા સ્કૉલર હતા. ઘણા મોટા એન્જિનિયરો, ડૉક્ટરો, સર્જનો આ સ્કૉલરશિપ લઈને ભણેલા. ગુજરાતના સૌથી પહેલા મુખ્ય પ્રધાન (Chief Minister) ડૉ. જીવરાજ મહેતા જે. એન. તાતા સ્કૉલર હતા. સર્વ વિદ્યાલયના ખૂબ જ તેજસ્વી વિદ્યાર્થી નરસિંહભાઈ પટેલ પણ જે. એન. તાતા સ્કૉલર હતા તેમજ ખૂબ જ જાણીતા ખગોળશાસ્ત્રી ડૉ. જયંત નારલીકર અને તેમના પિતા પણ જે. એન. તાતા સ્કૉલર હતા. ૧૮૯૨થી ૨૦૨૧ સુધીમાં ૫૪૧૯ જણને આ સ્કૉલરશિપ મળી છે.

### ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ (Indian Institute of Science IISc)

૧૮૮૯ના મુંબઈ યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં કુલપતિ લૉર્ડ રીયના (Reay)ના ભાષણે જમશેદજીની કલ્પનામાં દ્રવ્ય અને ઉદ્યોગોના સુખાકારીનું વૈજ્ઞાનિકોને ભણાવવા અને સંશોધન કરવા માટે ઇન્સ્ટિટ્યૂટની જરૂરિયાત બેસી ગઈ. આથી આ દિશામાં સચોટ અભ્યાસ કરવા તેમના જમાઈ અને વિશ્વાસુ બરજોર્જિ પાદશાહને (Burjorji Padshah) અમેરિકાની અને બ્રિટનની યુનિવર્સિટીઓના અભ્યાસે મોકલ્યા. તેમણે ૧૮ મહિના ફરીને તપાસ કરીને 'જોન્સ હોપકિન્સ યુનિવર્સિટી ઑફ બાલ્ટિમોર (Johns Hopkins Univesty of Baltimore)નું મોડલ સ્વીકારવા જણાવ્યું. ૨૭ નવેમ્બર, ૧૮૯૬માં મુંબઈના ગવર્નરને આવું ઇન્સ્ટિટ્યૂટ સ્થાપવા વિનંતી કરી. એ જ વર્ષે જમશેદજીએ આ ઇન્સ્ટિટ્યૂટ માટે રૂ. ૩૦ લાખ (૨૦૧૮માં લગભગ ૧૦૦ કરોડ થાય) આપવાનું વચન આપ્યું. ડિસેમ્બર, ૧૯૯૮માં યોગ્ય વ્યક્તિઓની કમિટી બનાવીને આ માગણી તે વખતના વાઇસરૉય લૉર્ડ કર્ઝનને મોકલી. લૉર્ડ કર્ઝનને આમાં કોઈ રસ ન હતો. આથી લંબાવ્યાં કર્યું. બ્રિટિશ સરકાર ઇચ્છતી હતી કે જમશેદજી આ પૈસા બીજે ક્યાંય વાપરશે, પણ જમશેદજીએ એમના વિલમાં સ્પષ્ટ જણાવ્યું કે આ પૈસાને જ્યાં સુધી ઇન્સ્ટિટ્યૂટ સ્થપાય નહિ

ત્યાં સુધી કોઈએ અડવું નહિ. બને તો ઉમેરો કરવો. જમશેદજીના મૃત્યુ પછી અને કર્ઝને તેમની વાઇસરૉય તરીકેની ટર્મ પૂરી થાય તે પહેલાં આ ઇન્સ્ટિટ્યૂટ સ્થાપવાની પરવાનગી આપી. મૈસૂરના મહારાજાએ આ ઇન્સ્ટિટ્યૂટ માટે ૩૭૦ એકર જમીન બેંગ્લોરમાં આપી. આખરે ૧૯૧૧માં આ ઇન્સ્ટિટ્યૂટના દરવાજા ખૂલ્યા. નવા નવા વિષયોમાં હાલમાં આ ઇન્સ્ટિટ્યૂટ ૨૦૦૦ યુવાન વૈજ્ઞાનિકોને સમાજનું કામ કરવા અને વિજ્ઞાનનો પ્રચાર કરવા મોકલે છે. આ Indian Institute of Sciences (IISC) બેંગ્લોરમાં આવેલું છે. જમશેદજીનું સ્વપ્ન પૂરું કરે છે. જમશેદજીનું મોટું સરસ પૂતળું પણ આ કેમ્પસમાં છે. ભારતીય પહેલા ડિરેક્ટર સર સી.વી. રામન હતા. ભારતની સારામાં સારી યુનિવર્સિટી IISc છે. અત્યાર સુધીના જાણીતા સર્વેમાં આ ભારતની પ્રથમ નંબરની યુનિવર્સિટી છે.

૧૮૮૫માં દક્ષિણ મુંબઈમાં રાજમહેલ જેવું જમશેદજીનું ઘર તે સમયે ૬ લાખ રૂપિયામાં તૈયાર થયેલું. આ ઘરને એ સમયે ઇલેક્ટ્રિસિટી માટે પોતાનું જનરેટર (Generetor) હતું. જમશેદજી વૅગનના રબરના પૈડાં વાપરનાર સૌ પ્રથમ હતા અને મુંબઈમાં સૌ પ્રથમ ગાડી ચલાવનાર હતા. તેમની મિલોમાં કામ કરનારા કામદારો માટે ઘણી બધી સગવડોનો વિચાર કરનારા અને તેનો અમલ કરનારા જમશેદજી હતા.

૧૯૦૦માં ધંધાકીય કામ માટે જર્મની ગયેલા અને ત્યાં ખૂબ જ માંદા થઈ ગયા. ૧૯૦૪ મે, ૧૯ના રોજ બૅડ નૉહીમમાં (Bad Nauheim German Emira) અવસાન થયેલું. જવાહરલાલ નહેરુએ, "When you have to give the lead in action, in ideas - a lead which does not fit in with the very Climate of Opinion - that is true courage, physical or mental or spiritual, call it what you like, and it is this type of courage and vision that Jamshedji Tata showed. It is right that we should honour his memory and remember him as one of the big founders of modern India."

છેલ્લા સો વર્ષમાં સૌથી વધારે દાન આપનાર જમશેદજી તાતા હતા. મોંઘવારી વગેરે ગણતા જમશેદજીએ હાલના પૈસામાં ૧૦૨ અબજનું દાન આપેલું છે.

**સર દોરાબજી તાતા (Sir Dorabji Tata)**

દોરાબજીનો જન્મ ૨૭ ઑગસ્ટ, ૧૮૫૯ના રોજ થયો હતો. પ્રાથમિક શિક્ષણ પ્રોપ્રાઇટરી હાઈસ્કૂલ (Proprietary High School), મુંબઈમાં લીધેલું. આ પછી તેમને ઇંગ્લૅન્ડ ભણવા મોકલેલા. અઢાર વર્ષની વયે તેમણે કેમ્બ્રિજ યુનિવર્સિટી ગોનવિલ અને કૉયસ કૉલેજમાં (Gonvill and Caius) અભ્યાસ કર્યો. ક્રિકેટ અને ફૂટબૉલનાં ઘણાં ઇનામો જીતેલાં. ૧૮૭૯માં ભારત પાછા આવ્યા અને સેન્ટ ઝેવિઅર્સ કૉલેજમાં ભણવાનું શરૂ કર્યું અને ભણવાનું પૂરું કરીને 'બૉમ્બે ગેઝેટ (Bombay Gazette)'માં પત્રકાર તરીકે જોડાયા. ધીરેધીરે તેમના પિતા જમશેદજીના ધંધામાં રસ પડવા માંડ્યો અને ૧૮૮૪માં બાપદાદાના ધંધામાં જોડાયા. રૂ વિભાગમાં જોડાયા.

જમશેદજીને મૈસૂર રાજ્યના એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર જનરલ ડૉ. ભાભા માટે ખૂબ જ માન હોઈને તેમણે દોરાબજીને ડૉ. ભાભાને મળવા મોકલ્યા. ભાભા તેમની પુત્રી મહેરબાઈ સાથે રહેતા હોઈને દોરાબજી મહેરબાઈને પણ મળ્યા. આ મળવાનું બંનેને લગ્ન ભણી લઈ ગયું. જ્યારે બંનેનાં લગ્ન થયાં ત્યારે દોરાબજી ૩૮ વર્ષના અને મહેરબાઈ ફક્ત અઢાર વર્ષનાં હતાં.

તાતાકુટુંબ જે સદ્‌ગુણો માટે જાણીતું છે તે બધા જ સદ્‌ગુણો દોરાબજીમાં હતા. દોરાબજી તેમના પિતાના નિધન પછી તાતા સન્સના ૧૯૦૪ માં ચૅરમૅન બન્યા. જમશેદજીનું પહેલું સ્વપ્ન અદ્યતન લોખંડની મિલ. આર.ડી. તાતાની મદદથી તાતા સ્ટીલ મિલ તરીકે ઓળખાય છે તે દોરાબજીએ ઊભી કરી. આ કામના કારણે જે વિશ્વાસ આવ્યો તેના કારણે ઉદ્યોગોને ઇલેક્ટ્રિસિટિ પૂરી પાડવા દોરાબજીએ "તાતા પાવર" ઊભું કર્યું. દોરાબજી કોઈ પ્રોજેક્ટ હાથ ઉપર લે, તો તે પ્રોજેક્ટની નાનામાં નાની બાબતનું ધ્યાન રાખતા. તાતા ગ્રૂપનો ઘણો વિકાસ થયો. ત્રણ કાપડની મિલો, તાજ હૉટેલથી આગળ વધીને તાતા સ્ટીલ મિલ, ત્રણ હાઈડ્રોઇલેક્ટ્રિક પાવર કંપનીઓ, ખાવાના તેલની અને સાબુની ફૅક્ટરીઓ અને બે સિમેન્ટની ફૅક્ટરીઓ તેમના નાનાભાઈ રતન અને જમશેદજીના

મામાના દીકરા આર.ડી. તાતાની મદદથી કરી શકેલા. આ ઉપરાંત IISc તેમના સમય દરમિયાન શરૂ થયેલું. રમતગમતમાં રસ હોઈને ૧૯૨૪માં ઇન્ડિયન ઑલમ્પિક ઍસોસિયેશનના પ્રમુખ પણ બનેલા.

દોરાબજીના પત્ની મહેરબાઈ પણ રમતગમતમાં ભાગ લેતાં અને ટૅનિસનાં સરસ ખેલાડી હતાં. રમતગમતનાં ઘણાં ઇનામો જીતેલાં. પડદા, અસ્પૃશ્યતા વગેરે વિરુદ્ધ ઝુંબેશ ઉપાડેલી. લુકેમિયા (Leukemia)ના કારણે જૂન ૧૮, ૧૯૩૧માં તેમનું નિધન થયેલું. ૧૯૩૨માં દોરાબજીએ તેમની યાદમાં 'Lady Tata Memorial Trust'ની સ્થાપના કરેલી. લોહીને લગતા રોગોના અભ્યાસ માટે આ ટ્રસ્ટે ખૂબ જ પ્રયત્ન કરેલો. આ ઉપરાંત દોરાબજીએ કેમ્બ્રિજ યુનિવર્સિટીને પ્રયોગશાળા માટે સાધનો ખરીદવા મોટી રકમ આપેલી તે જ પ્રમાણે પૂનાના 'ભંડારકર ઑરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ'ને સંસ્કૃતના અભ્યાસ માટે પણ દાન આપેલું. દોરાબજીએ 'સર દોરાબજી તાતા ટ્રસ્ટ'ને તેમની બધી માલમિલકત આપેલી. ૩ જૂન, ૧૯૩૨માં જર્મનીમાં સર દોરાબજી તાતાનું અવસાન થયેલું.

### આર. ડી. તાતા (રતન દાદાભાઈ તાતા)

જમશેદજીના મામા દાદાભાઈ કાવસજી તાતા. તેમના પુત્ર રતન દાદાભાઈ તાતાનો (આર. ડી. તાતા) જન્મ નવસારીમાં ૧૮૫૬માં થયો હતો. હાઈસ્કૂલ સુધીનું ભણતર નવસારીમાં થયેલું અને એલફિસ્ટન કૉલેજમાં અભ્યાસ કર્યો. મદ્રાસ જઈને ખેતીવાડીનો અભ્યાસ કર્યો. અભ્યાસ પૂરો કરીને તેમના પિતાનો ધંધો જે તાતા ઍન્ડ કુ.થી ઓળખાતો તેમાં જોડાયા. આ ધંધો બરાબર ચાલતો ન હતો. તેમના પિતાના અવસાન બાદ તેમણે તેમના પિતાનો ધંધો હાથ ઉપર લીધો અને કંપનીને દેવામાંથી બહાર કાઢી. આ તેમની આવડત જમશેદજીની નજરમાં આવી ગઈ. આથી ૧૮૮૪માં જમશેદજીએ આર. ડી. તાતાને 'Empress Mills'ના ભાગીદાર બનાવ્યા. ૧૮૮૭માં જમશેદજીએ તેમની સ્થાપેલી 'Tata and Sons'ના ભાગીદાર બનાવ્યા. જમશેદજીએ આર.ડી. તાતાને ચોખા અને રેશમના વેપાર માટે હૉંગકૉંગ મોકલ્યા. આર. ડી. તાતાએ ધંધો ખૂબ જ વિકસાવ્યો આથી ન્યૂયૉર્ક અને પૅરિસમાં નવી શાખાઓ ખોલી જે રેશમ અને મોતીનો જ વેપાર કરતી. આર. ડી. તાતા પૅરિસમાં હતા ત્યારે સુઝન બ્રિરેના (Suganne Briere) પ્રેમમાં પડ્યા અને ૧૯૦૨માં બંનેનાં લગ્ન થયાં.

જમશેદજીના નિધન પછી ૧૯૦૨માં 'Tata and Sons'નું નામ બદલીને 'Tata sons and company' રાખ્યું. આના ત્રણ ભાગીદારો સર દોરાબજી, સર રતન તાતા (જમશેદજીનો નાનો પુત્ર) અને આર. ડી. તાતા. હૉંગકૉંગની કંપની જે Tata & Coથી ઓળખાતી તે આમાં ભળી ગઈ. આર. ડી. તાતાનું કામ મુંબઈની મુખ્ય ઑફિસે રહીને બધા ધંધાઓની કાળજી રાખવાનું હતું. તાતા સ્ટીલ મિલ્સ, હાઈડ્રોઇલેક્ટ્રિક પાવર કંપનીઓ અને IISCને પૂરું કરવાના કામમાં આર. ડી. તાતાએ ખૂબ જ અગત્યનો ભાગ ભજવ્યો હતો. પહેલા વિશ્વયુદ્ધ વખતે ખૂબ જ કપરા સંજોગોમાંથી આ બધી કંપનીઓ પસાર થઈ, પણ આર. ડી. તાતાના અનુભવે અને મહેનતથી આ બધી કંપનીઓ બચી ગઈ. ઑગસ્ટ ૨૬, ૧૯૨૬ના રોજ આર. ડી. તાતા આ બધું છોડીને સ્વર્ગવાસી થયા.

### સર રતન તાતા

જમશેદજીના નાના પુત્ર રતનનો જન્મ જાન્યુઆરી ૨૦, ૧૮૭૧માં થયેલો. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, મુંબઈમાં અભ્યાસ કરેલો. ૧૮૯૨માં નવાઝબાઈ સાથે લગ્ન થયેલાં. તેમનાં માતા અને પિતા સાથે એસ્પલાનાડે (Esplanade) હાઉસમાં રહેતા હતા. તેમના પિતાના નિધન પછી મરીન લાઇનમાં બ્રાઇડલૅન્ડમાં રહેતા હતા. ૧૯૧૫માં તેમણે પોતે જ વુડબાય રોડ ઉપર ભવ્ય મકાન બાંધીને તેમાં રહેતા હતા.

જમશેદજીના નિધન પછી રતન તાતા ફ્રેન્ચ ઇન્સ્યોરન્સ કંપનીમાં કામ કરતા. જેના ભારતમાં એજન્ટ 'Tata and Sons' હતા. આ ઉપરાંત 'Tata and Company'નું કામ કરતા ,પણ મોટા ભાગનું કામ સર દોરાબજી તાતા જ કરતા. જમીનોનું કામ રતન તાતા કરતા હતા. સામાજિક પ્રવૃત્તિઓમાં રતન તાતા મશગૂલ રહેતા. ગાંધીજીને પાંચ હપ્તામાં ૧,૨૫,૦૦૦ રૂ. મોકલી આપેલા. આ ઉપરાંત ગોખલેને પણ 'Servants of India Society'ને પણ ૧,૧૦,૦૦૦ રૂ. આપેલા. ગરીબાઈ અને દયાપાત્ર પરિસ્થિતિનો અભ્યાસ કરવા માટે લંડનની School of Economicsને પણ મોટી ગ્રાન્ટ આપેલી. બિહાર અને ઓરિસ્સાના પુરાતત્વ ખાતાને પણ મોટી ગ્રાન્ટ આપેલી. આ બધી પ્રવૃત્તિઓ માટે ૧૯૧૬માં રતન તાતાને

સર (Sir)ના ખિતાબથી સરકારે નવાજ્યા.

૧૯૧૬માં સર રતનજી તાતા જાપાન અને ચીનની મુસાફરીએ ગયા અને ત્યાં માંદા પડી ગયા. ત્યાંના ડૉક્ટરોએ દવાદારૂ માટે સર રતનજી તાતાને બ્રિટન જવા સલાહ આપી. આથી તેમનાં પત્ની નવાઝબાઈ અને તેમના મંત્રી પી.પી. મિસ્ત્રી સાથે બ્રિટન જવા નીકળ્યા. રસ્તામાં જર્મન ટોર્પીડોએ તેમની બોટ ડુબાડી દીધી, પણ બધા મુસાફરોને બચાવી લીધા. પણ આના કારણે સમયસર સારવાર ન મળી. સપ્ટેમ્બર, ૧૯૧૮માં સર રતનજી તાતા અવસાન પામ્યા. નવાઝબાઈ ૪૧ વર્ષની વયે વિધવા બન્યાં. તેમની જવાબદારી સર રતનજી તાતાની માલમિલકત સાચવવાની હતી. ૧૯૧૮માં 'Tata Sons'ના ગવર્નિંગ બૉર્ડનાં સભ્ય બન્યાં. જીવ્યાં ત્યાં સુધી ગવર્નિંગ બૉર્ડનાં સભ્ય હતાં. તેમના પતિની યાદગીરી ચાલુ રહે તે માટે નવલ હોર્મુસ્જિ (Hormusji)તાતાને દત્તક લીધા.

જમશેદજીનાં પત્ની હીરાબાઈ ડાબૂનાં બહેન ફુવરબાઈ ડાબૂ. ફૂવરબાઈ ડાબૂ શાપૂર્જિ રાવને (Shapoorji Rao) પરણેલાં અને તેમની પુત્રી રતનબાઈ રાવ. આ રતનબાઈ રાવ હોર્મુસ્જિ તાતાને પરણેલાં. ૧૯૦૪માં નવલ હોર્મુસ્જિ જન્મેલા. આ નવલ હોર્મુસ્જિને નવાઝબાઈએ દત્તક લીધા. નવલ હોર્મુસ્જિનો જન્મ ૩૦ ઑગસ્ટ, ૧૯૦૪માં મુંબઈ થયેલો. હોર્મુસ્જિ અમદાવાદમાં મિલમાં સ્પિનિંગ માસ્ટર હતા. હોર્મુસ્જિના પત્ની રતનબાઈ સર રતનજી તાતાના માસીની દીકરી અને રતનજી તાતાને ગમતાં. નવલ ચાર વર્ષના હતા ત્યારે તેમના પિતાનું અવસાન થયું. રતનબાઈના માથે આભ તૂટી પડ્યું. મૂળ વતન નવસારીમાં ઘર હોઈને નવસારી ગયાં. આખરે આ કુટુંબ સુરતમાં સ્થિર થયું. સર દોરાબજી તાતાની મદદથી નવલ અને તેના ભાઈઓને જે. એન. પેટિટ પારસી અનાથાશ્રમમાં દાખલ કરવામાં આવ્યાં. આ અનાથાશ્રમમાં ૩૦૦ બાળકો હતાં અને ખોરાક, કપડાં અને દવાઓ માટે પ્રમાણમાં જોઈએ તેટલા પૈસા ન હોઈને, બધું સરળ ન હતું. સર દોરાબજી તાતાની હાજરીમાં તાતાકુટુંબે નવલને દત્તક લેવાનું નક્કી કર્યું જે નવાઝબાઈએ પણ સ્વીકાર્યું. નવાઝબાઈને નવલને અનાથાશ્રમમાંથી તુરત જ ઘેર લાવવાં હતાં, પણ અનાથાશ્રમનો નિયમ : ત્યાં રહીને દશમું ધોરણ પાસ કર્યા પછી જ આશ્રમ છોડી શકે. આથી નવલ તાતા દશમું ધોરણ પાસ કરીને જ નવાઝબાઈ સાથે રહેવા આવી શક્યા. બૉમ્બે યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં B. A.ની ડિગ્રી મેળવી અને એકાઉન્ટિંગના અભ્યાસ માટે બ્રિટન ગયા. આવીને ૧૯૩૦માં તાતા ગ્રૂપમાં રવાનગી કારકુન તરીકે જોડાયા.

અચાનક જ નવલ તાતા દેશના જાણીતા પરિવારના સભ્ય બની ગયા, પણ તે ભૂતકાળ ક્ષણ માટે પણ ભૂલ્યા નથી. ધીરેધીરે જાત મહેનતથી તાતા ગ્રૂપમાં આગળ વધ્યા. ચાર કાપડની મિલો, ત્રણ પાવરની કંપનીઓ, અને સર રતન તાતા ટ્રસ્ટની જવાબદારી નવલ તાતાની હતી. હસતાં મોંઢે આ અને બીજું ઘણું કામ કરતાં. આ બધું ધ્યાનમાં લઈને ૧૯૬૯ના પ્રજાસત્તાક દિને રાષ્ટ્રપતિએ નવલ તાતાને 'પદ્મ વિભૂષણ'થી નવાજ્યા.

નવલ તાતાનાં લગ્ન સુનુ (Sunu) જોડે થયેલાં. તેમને બે પુત્રો રતન અને જિમ્મી હતા. નવલ તાતા અને સુનુ તાતાના સ્વભાવનો મેળ ખાતો ન હોઈને બંનેને છૂટાછેડા લેવા પડેલા. આથી રતન અને જિમ્મીને ઉછેરવાની જવાબદારી તેમના દાદી નવાઝબાઈને માથે આવી પડી. રતન તેમનાં દાદીના ખૂબ જ વહાલા પૌત્ર હતા.

**રતન નવલ તાતા**

રતન નવલ તાતાનો જન્મ મુંબઈમાં ૨૮ ડિસેમ્બર, ૧૯૩૭ના રોજ પ્રસિદ્ધ તાતાકુટુંબમાં થયેલો. સુનુ અને નવલ હોર્મુસ્જિના પુત્ર. જ્યારે રતન તાતા સાત વર્ષના હતા ત્યારે તેમના માતાપિતાએ છૂટાછેડા લીધેલા. રતન અને તેમના ભાઈ જિમ્મીને તેમનાં દાદી નવાઝબાઈએ ઉછેરીને મોટા કરેલા. નવાઝબાઈને રતન માટે ખૂબ જ લાગણી હતી. રતન નવલ તાતા કેમ્પિઅન સ્કૂલ મુંબઈમાં ભણેલા. જ્યારે પંદર વર્ષના હતા ત્યારે તેમને અમેરિકા ભણવા માટે મોકલવામાં આવ્યા. અમેરિકાની પ્રખ્યાત યુનિવર્સિટી કોર્નેલ (Cornell) યુનિવર્સિટીમાંથી ૧૯૬૨માં Architecture અને Structural Engineeirngમાં B.A.ની ડિગ્રી મેળવી. આ ઉપરાંત હાર્વડ બિઝનેસ સ્કૂલના એડવાન્સ મૅનેજમેન્ટના પ્રોગ્રામમાં જોડાયા. ૧૯૬૨માં ભારત પાછા આવીને તાતા ગ્રૂપમાં જોડાયા. તે સમયે તાતા ગ્રૂપના ચૅરમેન જે. આર. ડી. તાતા હતા. તેમણે રતન તાતાને તાતા સ્ટીલ મિલનો ખ્યાલ આવે તે માટે જમશેદપુર મોકલ્યા. રતન તાતા સામાન્ય નોકરિયાતની જેમ વાદળી યુનિફૉર્મ

પહેરીને ભઠ્ઠીઓમાંથી ચૂનાના પથ્થરો (Lime Stones) કાઢતા.

**જહાંગીર રતનજી દાદાભાઈ તાતા (જે. આર. ડી. તાતા)**

રતનજી દાદાભાઈ તાતા અને સુઝન બ્રિએરના પુત્ર જહાંગીરનો જન્મ ૨૧ જુલાઈ, ૧૯૦૪ના રોજ પૅરિસમાં થયેલો. એમના માતા ફ્રેન્ચ હોઈને બાળપણ ફ્રાન્સમાં વિતાવેલું. આથી ફ્રેન્ચ તેમની માતૃભાષા હતી. પૅરિસમાં તેઓ જેનસન ડી સેઈલી (Janson De Sailly) સ્કૂલમાં ભણેલા. જે. આર. ડી. લંડન, જાપાન, ફ્રાન્સ અને ભારતમાં ભણેલા. ઑક્ટોબર, ૧૯૨૩માં ઉચ્ચ અભ્યાસ માટે લંડન પણ ગયા, જે. આર. ડી. ફ્રાન્સના નાગરિક હોઈને એક વર્ષ ફ્રાન્સના લશ્કરમાં જોડાવવાનું તેમના માટે ફરજિયાત હોઈને ફ્રેન્ચ લશ્કરમાં જોડાયા. ફ્રાન્સના લશ્કરમાં વરસ પૂરું થતાં, તેમના પિતાએ ભારત પાછા બોલાવ્યા. જે. આર. ડી.ને કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગ ભણવાનો ખ્યાલ હતો, ભારતમાં આર.ડી. તાતાએ તેમના મિત્ર જોન પીટરસન, ICS જે તાતા સ્ટીલના ડિરેક્ટર-ઇન-ચાર્જ હતા તેમને જે. આર. ડી.ની કાળજી રાખવા જણાવ્યું. જે. આર. ડી.ને પીટરસનની બધી ટપાલ પીટરસન જુવે તે પહેલાં વાંચવાની અને પીટરસનની Commentsની નોંધ કરવાની હતી. જે. આર. ડી.ના પિતાજી આર. ડી. તાતાના નિધન પછી ૧૯૨૬માં તાતા સન્સના ડિરેક્ટર તરીકે લેવાયા. ૧૯૨૯માં ભારતના નાગરિક બન્યા. મુંબઈમાં જે. આર. ડી. સામે તેમની Sports Car Bugatti વધારે ઝડપથી મરીન ડ્રાઈવ ઉપર ચલાવવાનો કેસ હતો. જેક વિકાજી (Vicaji) તેમના વકીલ હતા અને તેમની ભત્રીજી થેલ્મા વિકાજી સાથે ૧૯૩૦માં જે. આર. ડી.નાં લગ્ન થયાં. ૧૯૩૮માં ફક્ત ૩૪ વર્ષની વયે તાતા સન્સના ચૅરમેન તરીકે નિમણૂક થઈ. તે સમયે ભારતમાં તાતા ગ્રૂપ મોટામાં મોટું ઔદ્યોગિક ગ્રૂપ હતું. જે. આર. ડી. તાતાએ નૈતિકતાનું ધોરણ ઘણું ઊંચું રાખીને ધંધાઓમાં સફળ થયા. કોઈ નેતાને લાંચ આપી નથી તેમજ તેમની પાસે કે તેમની કંપનીઓ પાસે ટૅક્સ ભર્યા વગરના પૈસા ન મળે. ૧૯૩૯માં તાતા ગ્રૂપની માલમિલકત ૬૨ કરોડની હતી જ્યારે જે. આર. ડી. ચૅરમૅન પદેથી નિવૃત્ત થયા તે વખતે ૧૯૯૦માં તાતા ગ્રૂપની માલમિલકત ૧૦૦૦૦ કરોડની હતી. ૧૯૩૯માં આશરે નાની-મોટી ચૌદ કંપનીઓ હતી જે અડધી સદી પછી ૯૬ કંપનીઓ બની જેમાં તેમની પોતાની હોય કે ભાગીદારી હોય.

સર દોરાબજી તાતા ટ્રસ્ટના જે. આર. ડી. તાતા ટ્રસ્ટી હતા અને તેમની દોરવણી હેઠળ નીચેની અદ્ભુત વસ્તુઓ બની.

(૧) એશિયામાં સૌથી પહેલું કૅન્સરની સારવાર અને સંશોધન કરતું તાતા મેમોરિયલ કેન્દ્ર મુંબઈમાં ૧૯૪૨માં શરૂ કર્યું.

(૨) દુનિયાભરમાં પ્રખ્યાત એવું તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સિસ મુંબઈમાં ૧૯૩૬માં શરૂ કર્યું.

(૩) અણુને લગતી અને બીજી ઘણી અગત્યની શોધો કરતું તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ ૧૯૪૫માં શરૂ થયું અને

(૪) નૅશનલ સેન્ટર ફૉર પરફૉર્મિંગ આર્ટ્સ મુંબઈમાં શરૂ કર્યું.

જે. આર. ડી. તાતાએ પાયલટનું લાઇસન્સ ફેબ્રુઆરી, ૧૯૨૯માં મેળવેલું. ૧૯૩૨માં તાતા ઍરલાઇન્સ જે. આર. ડી. તાતાએ શરૂ કરી. પહેલી હવાઈસફર કરાંચીથી મુંબઈ હતી અને તેના પાયલટ જે. આર. ડી. તાતા હતા. ૧૯૪૬માં તાતા ઍરલાઇન્સનું નામ ‘Air India Limited’થયું. ભારત સરકારની ભાગીદારીમાં આંતરરાષ્ટ્રીય મુસાફરી માટે જે. આર. ડી. તાતાએ Air India International LTD. સ્થાપી. આ ઍરલાઇન જ્યાં સુધી જે. આર. ડી. તાતાના વહીવટમાં હતી ત્યાં સુધી દુનિયાની સૌથી સરસ પ્રથમ ત્રણ ઍરલાઇન્સમાંની એક ગણાતી. અમે આ એરલાઇનમાં મુંબઈથી ટૉકિયો ૧૯૬૫માં મુસાફરી કરી છે અને ખરેખર અદ્ભુત સર્વિસ હતી. સરકારે આ બંને ઍરલાઇન્સ તાતા ગ્રૂપ પાસેથી લઈ લીધી. જે. આર. ડી. તાતાએ આની સામે ખૂબ જ પ્રયત્ન કર્યો, પણ સફળ ન થયા. સરકારે ઘણાં વર્ષ આ ઍરલાઇન્સો ચલાવી અને દુનિયામાં છેલ્લા ત્રણ નંબરમાં આ ઍરલાઇન્સ આવતી. દર વર્ષે સરકાર ખૂબ જ મોટી ખાધ કરતી અને આખરે તાતા ગ્રૂપને ૨૦૨૨માં વેચી દીધી. જે. આર. ડી. તાતા તાતા ગ્રૂપે શરૂ કરેલી તાતા એરલાઇન્સમાં મુસાફરી કરતા હતા. તેમની નજરમાં ટૉયલેટના ઉપરનું ઢાંકણું બરાબર સાફ ન હોઈને જાતે જ

બરાબર સાફ કર્યું. એ જ પ્રમાણે એરલાઇનના કાઉન્ટર ઉપર ધૂળ હતી. જાતે ગાભો શોધી કાઢીને કાઉન્ટર ટૉપ બરાબર સાફ કરી દીધું.

જે. આર. ડી. તાતાની ઑફિસના પડદાઓ અને ફર્નિચર પ્રમાણમાં ઘણાં જૂનાં હતાં. જે. આર.ડી. તાતાને મળવા ઘણા અસામાન્ય માણસો આવતા. આથી ઑફિસના સ્ટાફે આ બધું બદલવા માટે વિનંતી કરી. ઑફિસના સ્ટાફનું માન રાખીને તેમની સેક્રેટરી સાથે પડદાઓ અને ફર્નિચર ખરીદવા નીકળ્યા. ચાર કલાક બધે ફર્યા અને બધા ખર્ચનો સરવાળો કર્યો. જે. આર. ડી. તાતા તેમની જાતને માટે શૅરહોલ્ડરનો નફો ન વાપરી શક્યા. જીવ્યા ત્યાં સુધી તે જ પડદાઓ અને તે જ ફર્નિચર. દુનિયાના તવંગરોમાંના એક, બીજાને કરોડો રૂપિયા દાનમાં આપે, પણ પોતાના માટે સમાજના પૈસા વાપરતા જીવ ન ચાલે.

જે. આર. ડી. તાતા તેમની કંપનીઓ માટે કામ કરનારાઓની ખૂબ જ કાળજી રાખતા. આથી તાતાની કંપનીઓ માટે નીચેના નિયમો દાખલ કરેલા :

(૧) કામના દિવસનું કામ આઠ કલાક રહેશે.

(૨) પાછલી ઉંમરમાં તકલીફ ન પડે તે માટે પ્રોવિડન્ડ ફંડની વ્યવસ્થા કરી.

(૩) દરેકને કુટુંબ સાથે દવા-દારૂ મળશે.

(૪) ગુણના આધારે જ નોકરીમાં લેવાશે.

(૫) માનવતાના કામ બદલ ઇનામ અપાશે.

આ કાર્યપદ્ધતિ જોઈને સરકારે પણ આ જાતના નિયમો દાખલ કર્યા.

૧૯૪૫માં તાતા મોટર્સ સ્થાપી.

નૅશનલ કાઉન્સિલ ઑફ એપ્લાઇડ ઇકોનોમિક રિસર્ચ, ન્યૂ દિલ્હીના ગવર્નિંગ બોર્ડના સભ્ય હતા. આના ઉપરથી તેમણે ૧૯૬૮માં તાતા કન્સલ્ટન્ટસી સર્વિસ સેન્ટર સ્થાપ્યું. તાતા ગ્રૂપની અને ભારતની આ એક અગત્યની કંપની છે.

૧૯૮૭માં જે. આર. ડી. તાતાએ ટાઇટન (Titan) કંપનીની સ્થાપના કરી. આ કંપની ખરેખર અદ્ભુત ઘડિયાળો બનાવે છે.

જમશેદપુરમાં જમશેદજીની જન્મ તારીખ માર્ચ ૩ દબદબાથી ઉજવવામાં આવે છે. જે. આર. ડી. તાતા પ્રસંગમાં ભાગ લેવા માટે ૧ માર્ચના રોજ નીકળવાના હતા પણ એ જ સવારના anginal pain થયું પણ painkilerની મદદથી જમશેદપુર ગયા અને જમશેદજીની જન્મતિથિ ઉજવવામાં ભાગ લઈને પાછા આવ્યા. ડૉક્ટરે તેમને બ્રીચ કૅન્ડી હૉસ્પિટલમાં અઠવાડિયું આરામ કરવા જણાવ્યું. રતન તાતા સ્ટુટગાર્ટથી (જર્મની) પાછા આવ્યા હતા. તે હૉસ્પિટલમાં જે. આર. ડી.ને મળ્યા. ઔપચારિક વાતો થઈ. જે. આર. ડી. તાતા ૧૮મી માર્ચના રોજ તેમની ઑફિસમાં આવ્યા. રતન તાતા તેમને મળ્યા. જે. આર. ડી.એ ઔપચારિક રીતે પૂછ્યું, ''કંઈ નવા જૂની ?'' રતન તાતાએ જણાવ્યું, ''તમને હૉસ્પિટલમાં મળ્યા પછી કંઈ ખાસ નવીનતા નથી.'' જે. આર. ડી.એ જણાવ્યું, ''હા, મારે તમને સમાચાર આપવાના છે. મેં નિવૃત્ત થવાનો નિર્ણય કર્યો છે અને તાતા સન્સના ચૅરમેન માટે તમારું નામ સૂચવીશ.'' જે. આર. ડી. તાતાએ જણાવ્યું, ''કોઈને કહેશો નહિ. સારો દિવસ જોઈને મારે જ આ કામ કરવાનું છે.'' ૨૫મી માર્ચની તાતા સન્સની બૉર્ડ મિટિંગનાં જે. આર. ડી. તાતાએ તાતા સન્સના નવા ચૅરમૅન તરીકે રતન તાતાનું નામ સૂચવ્યું અને પાલોન્જિ શપૂર્જિ મિસ્ત્રીએ ટેકો આપ્યો અને સર્વાનુમતે રતન તાતા તાતા સન્સના ચૅરમૅન તરીકે ચૂંટાયા.

**રતન નવલ તાતાયુગ**

અત્યાર સુધી તાતાની બધી જ કંપનીઓ દરેકે-દરેક જુદી હોય તે રીતે વર્તતી. આ બધી કંપનીઓના ચૅરમેન કે મૅનેજિંગ ડિરેક્ટર ઘણી મહેનત કરીને તે હોદ્દાએ પહોંચેલા. મિટિંગોમાં તેમને ઊભા કરવા કે બેસાડવા મદદની જરૂર પડે જ. આ બધું જોતાં જ રતન તાતાએ નિવૃત્તિની ઉંમર નક્કી કરી. ચૅરમૅનની નિવૃત્તિની ઉંમર ૭૫ વર્ષ અને મૅનેજિંગ ડિરેક્ટરની નિવૃત્તિની ઉંમર ૬૫ વર્ષ રાખી.

આ ઉપરાંત ભારત દેશમાં ધંધાઓ માટે નવી જ જાતની વિચારસરણીની શરૂઆત થઈ. આપણે બધાની હરીફાઈમાં આપણો માલસામાન વેચવાનો છે. આથી બિનજરૂરી નિયમો અને કાયદાઓને તિલાંજલિ આપવી રહી. રતન તાતાએ આ બધું આવતું જોયું. આના કારણે 'તાતા સન્સ'ના રોકાણોમાં નીચે પ્રમાણે ફેરફાર કર્યા :

તાતા સ્ટીલ ૮ ટકા ને વધારીને ૨૬ ટકા લઈ ગયા. તે જ રીતે Telco ૧૭ ટકાથી વધારીને ૩૨ ટકા લઈ ગયા, વૉલ્ટાસમાં ૨૨ ટકાને વધારીને ૨૫ ટકા લઈ ગયા. તાતા

કેમિકલ્સ, તાતા-ટી વગેરેમાં ખાસ ફેરફાર ન કર્યા. આ બધા ફેરફારો કરવા ઘણી કંપનીઓએ તેમના શૅરો વેચી દીધા. આ ઉપરાંત તેમણે પરદેશની કંપનીઓ પણ ખરીદવા માંડી. રતન તાતાએ તાતા ટી દ્વારા બ્રિટનની ટી-બૅગ બનાવતી કંપની Tetley ખરીદી. તે જ રીતે તાતા સ્ટીલ કંપનીએ Corus સ્ટીલ કંપની ખરીદી. તાતા મોટર્સ દ્વારા Jaguar Land Rover ખરીદ્યું. પરદેશની કંપનીઓ ખરીદી તે યોગ્ય છે ? આનો જવાબ રતન તાતાએ આપ્યો, ''I don't belive in taking the right decisions. I take decisions and then make them right.''

કોઈ સિગ્નલે Green Signal થવાની રાહ જોતા હતા અને થોડોક ઝરમર વરસાદ પણ પડતો હતો. મોટર સાઇકલ ઉપર બેસીને પસાર થતાં પતિ-પત્ની અને નાનાં બે બાળકો એમ ચાર માણસો જોયાં. ત્યારથી ભારતનો સામાન્ય માણસ ખરીદી શકે તેવી ગાડી બજારમાં લાવવા માટેનો મોટો પ્રયત્ન રતન તાતાએ કરેલો. ઘણા પ્રયત્ને ગાડી નેનો બજારમાં રતન તાતા મૂકી શક્યા તે આપણા બધા માટે ગૌરવની વાત છે.

રતન તાતા ૭૫ વર્ષના થયા. તેમણે તાતા સન્સના ચૅરમૅન તરીકે ૨૮ ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ રાજીનામું આપ્યું. બૉર્ડ ઑફ ગવર્નસે સાયરસ મિસ્ત્રીને તાતા સન્સના ચૅરમૅન નીમ્યા.

## રતન તાતાની પરોપકાર વૃત્તિ

(૧) રતન તાતા કૉર્નેલ યુનિવર્સિટીમાં ભણેલા હોઈને ૨.૮ કરોડ ડૉલર (૨૮૦ લાખ) તાતા સ્કૉલરશિપ માટે કૉર્નેલ યુનિવર્સિટીને આપ્યા. ભારતમાંથી સ્નાતક થવા આવનારા ૨૦ વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા માટે તાતા સ્કૉલરશિપ અપાશે.

(૨) હાર્વર્ડ યુનિવર્સિટીને કારોબારી કેન્દ્ર (Executive Center) બાંધવા માટે તાતા ગ્રૂપની કંપનીઓએ અને તાતા ચૅરિટીએ ૨૦૧૦માં ૫ કરોડ ડૉલર (૫૦૦ લાખ) હાર્વર્ડ બિઝનેસ સ્કૂલને આપ્યા.

(૩) તાતા ગ્રૂપે ૯૫ કરોડ રૂપિયા Indian Institute of Technology, Bombayને ૨૦૧૪માં ટેક્નૉલૉજી અને ડિઝાઇનનું તાતા કેન્દ્ર બનાવવા આપ્યા.

(૪) તાતા ટ્રસ્ટે ૭૫ કરોડ રૂપિયા Indian Institute of Sciencesના ન્યૂરો સાયન્સ કેન્દ્રને અલઝાઇમર રોગનાં કારણો શોધવા અને વહેલા રોગનું નિદાન કરીને સારવાર શોધવા માટે આપ્યા.

રતન તાતાની પોતાની માલમિલકત ૬૦૦૦ કરોડ રૂપિયાની છે અને તેમણે તેમની બચત Snapdeal, Teabox અને Cashkaro.comમાં રોકી છે. આ ઉપરાંત તેમણે Ola Cabs, Xiaoમાં અને Nebtwy, Dospotમાં પણ રોક્યા છે.

ઑફિસે જવા-આવવા માટે જાતે જ ગાડી ચલાવીને જાય છે. ભારતમાં તેઓ જાતે જ પ્લેન ચલાવે છે. તેઓ હોશિયાર પાયલટ છે. તેમની હાથ નીચે કામ કરનારને સ્નેહાળથી જુએ છે અને તેમના હાથ નીચે કામ કરનારાઓ પણ તેમને પ્રેમ અને માનથી જુએ છે. તેઓ કોઈ પણ જાતના ડર વગરના છે અને ડર જોઈને રસ્તો બદલે તેવા નથી.

તાતાના વેચાણનો ૭૫ ટકા ભાગ તાતા સ્ટીલ, તાતા મોટર્સ અને તાતા કન્સલ્ટન્સી આ ત્રણે કંપનીઓનો છે.

૨૧ વર્ષના રતન તાતાના વહીવટ દરમિયાન વેચાણ ૪૦ ઘણું અને નફો ૫૦ ઘણો થયો છે. તાતા ટીએ Tetley ખરીદી, તાતા મોટર્સે જગુઆર લૅન્ડ રોવર અને તાતા સ્ટીલે કોરસ ખરીદીને રતન તાતાએ ઇતિહાસ રચ્યો છે. તાતા ગ્રૂપ ભારતનું ગણાવવાના બદલે વિશ્વનું ગ્રૂપ ગણાતું થયું છે.

## તાતા ગ્રૂપ

૧૮૬૮માં જમશેદજીએ શરૂ કર્યું અને તાતા સન્સ માલિક છે. મુખ્ય ઑફિસ : Bombay House, 24 Homi Mody Street, Bombay

આવક કે ઉપજ : 103 અબજ (અમેરિકન બિલિયન)

માલિક : તાતા સન્સ (100 ટકા)

પગારદારો : 8,00,000

તાતા સન્સ : પરોપકાર વૃત્તિવાળાં ટ્રસ્ટો ૬૬ ટકા માલિક છે.

કંપનીઓ : સો કરતા વધારે કંપનીઓ છે. કોઈ પોતાની છે. કોઈમાં ભાગીદારી છે. અગત્યની કંપનીઓ : Air India, તાતા કેમિકલ્સ, તાતા મોટર્સ, તાતા સ્ટીલ, તાતા કન્સલ્ટન્સી સર્વિસિઝ, ટાઇટન, તનિસ્ક, તાતા પાવર, ઇન્ડિયન હોટેલ્સ કંપની લિમિટેડ વગેરે... ૨૧ કંપનીઓ મુંબઈ સ્ટોક એક્સચેન્જમાં નોંધાયેલી છે.

જાપાનીઝ કંપની ડોકોમો (Docomo) જોડેના વ્યવહારમાં સાયરસ મિસ્ત્રી તાતા ગ્રૂપના ઉચ્ચ


પ્રમાણિકતાના નિયમો ન સાચવતાં રતન તાતા અને ગવર્નિંગ બૉર્ડે મૂંગા બેસી રહેવાના બદલે ૨૪ ઑક્ટોબર ૨૦૧૬ની સભામાં સાયરસ મિસ્ત્રીને તાતા સન્સના ચૅરમૅન પદેથી છૂટા કર્યા અને રતન તાતાને તાતા સન્સના ચૅરમૅન પદે કામચલાઉ નીમ્યા. આ સમાચાર એટમ બૉમ્બ ફૂટ્યો હોય તેવા હતા. ફરીથી તાતા પરિવાર અને તાતા ગ્રૂપ પ્રમાણિકતા સાથે જરાયે બાંધછોડ કરતું નથી. આ જ આપણા ભારત માટે ગૌરવ લેવા જેવું છે.

આ લેખ ગૂગલ, વિકિપીડિયા અને નીચેના પુસ્તકોના આધારે લખાયો છે.

(1) Gandhi, A. k., Ratan Tata : A Complete Biography. Prabhat Paperbacks, 2021.

(2) Shah, Shashenk, The Tata Group An imprint of Penguin Random House, 2018.

## તાતા વંશવૃક્ષ




**વિઠ્ઠલભાઈ અં. પટેલ**
'સ્વરાજ', નરસિંહજી મંદિર પાસે,
ઉવારસદ રોડ, મુ. પો. શેરથા, તા. જિ. ગાંધીનગર
મોબાઇલ : ૯૪૨૮૦૧૯૦૪૨